# નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ

ગુજરાત રાજય, ગાંધીનગર

સેકટર નં. ૧૦/એ, સેંટ ઝેવિયર્સ સ્કુલ સામે, ગાંધીનગર

0 8 2013 (133)

ક્રમ નંબર ...૭૧૧૧૪૩૯...

[redacted]સુરત/સુચિત/નરયોનં. ૮૪(કોસાડ—ભરથાણા કોસાડ—મોટાવરાછા—અબ્રામા)/પરામર્શ/દ.ગુ/ ૧૦૨૦ તા—

[redacted]તિ,

[redacted]શનરશ્રી,

[redacted]ત મહાનગરપાલીકા,

[redacted]રત

ઇનવર્ડ નં ૯૩૫૮
ટી.પી.શ્રી
તારીખ ૧૧-૩-૧૩

F 7 MAR 2013

[redacted]ષય:- ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ —૧૯૭૬ ની કલમ— ૪૧(૧) હેઠળ સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૪(કોસાડ—ભરથાણા કોસાડ—મોટાવરાછા—અબ્રામા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત.

સંદર્ભ:- આપશ્રીના તા—૧૩/૯/૨૦૧૨ ના પત્ર નં.ટીપી ડી/૩૬૪૨.

ઉપરોકત વિષયાન્વયે આપશ્રી દ્વારા સંદર્ભ તળેના પત્રથી , ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ —૧૯૭૬ ની કલમ— ૪૧(૧) હેઠળ સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૪(કોસાડ—ભરથાણા કોસાડ—મોટાવરાછા—અબ્રામા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત પાઠવેલ દરખાસ્ત અન્વયે પ્રસ્તુત સુચિત મુસદારૂપ નગર રચના યોજના નં. ૮૪(કોસાડ—ભરથાણા કોસાડ—મોટાવરાછા—અબ્રામા) બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ —૧૯૭૬ ની કલમ— ૪૧(૧) હેઠળ નીચેની શરતોને આધીન પરામર્શ આપવા સૈધાન્તિક મંજુરી આપવામા આવે છે.

૧. યોજનામાં આવતા હયાત જળપ્રવાહો યથાવત રાખવાના રહેશે.
૨. સુડાની મંજુર અને અમલી વિકાસ યોજનાની દરખાસ્તો યોજનામાં યથાવત રાખવાની રહેશે.
૩. યોજના વિસ્તારમાં સમાવિષ્ટ જે તે ગામની મુળખંડોની જમીનોને તે જ ગામની જમીનોમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે.
૪. યોજનામાં સમાવિષ્ટ જમીનોના સત્તાપ્રકારનો સ્પષ્ટ રીતે ઉલ્લેખ કરી સરકારશ્રીનું હિત જાળવવાનું રહેશે.
૫. યોજનામાં સમાવિષ્ટ ફાજલ જમીનોને અલગ અંતિમખંડ ફાળવવાનો રહેશે.
૬. યોજનામાં સમાવિષ્ટ જે તે ઝોનમાં આવતી જમીનોને તે જ ઝોનની જમીનોમાં અંતિમખંડ ફાળવવાનો રહેશે.
૭. યોજના વિસ્તારની માપણી કરાવી , યોજનાના ક્ષેત્રફળ બાબતે ડી.આઇ.એલ.આર.શ્રીનું પ્રમાણપત્ર મેળવી અને પાઠવ્યા બાદ જ યોજનાનો ઇરાદો જાહેર કરવાનો રહેશે.
૮. યોજના વિસ્તારની લાગુમાં આવતી યોજનાની વિગતો નકશામાં દર્શાવવાની રહેશે.તેમજ લાગુ યોજનાની હદ બાબત ચકાસણી કરી લેવાની રહેશે.
૯. જે જમીનો સુડા વિસ્તાર હસ્તકની છે તે જમીનોનો પ્રસ્તુત યોજનામાં સમાવેશ કરેલ છે. ત બાબતે સુરત શહેરી વિકાસ સત્તામંડળની સહમતિ મેળવી લેવાની રહેશે.

આ સાથે નકશામાં જરૂરી સહી—સિકકા કરી આપેલ છે.

મુખ્ય નગર નિયોજક
ગુજરાતરાજય, ગાંધીનગર

નકલ રવાના —પ્રતિ,
૧. પ્રવર નગર નિયોજકશ્રી, દક્ષિણ ગુજરાત વિભાગ, વડોદરા તરફ જાણ સારૂ.
૨. નગર નિયોજકશ્રી, સુરત શાખા, સુરત તરફ જાણ સારૂ.